

# શિક્ષકોની સર્વોચ્ચ કામગીરી, ગુણવત્તાસભર શિક્ષણની ખાતરી

“ જેમ પરિવારમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં માતાઓ મહત્વની ભૂમિકા ભજવે છે, તેવી જ રીતે સમાજના પરિવર્તનમાં શિક્ષકોની મહત્વની ભૂમિકા હોય છે. ”


- શ્રી નરેન્દ્ર મોદી, માનનીય પ્રધાનમંત્રી

## શાળા પ્રવેશોત્સવ

23-24-25 જૂન, 2022

- વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ડેઇલી રિયલ ટાઇમ ઑનલાઇન હાજરીનું સતત મોનીટરીંગ
- 80% થી વધુ હાજરી ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં 26% અને શિક્ષકોની સંખ્યામાં 9%નો વધારો જોવા મળ્યો એટલે લગભગ 13.5 લાખ વિદ્યાર્થીઓ નિયમિત શાળામાં આવતાં થયાં
- નિયમિત સત્રાંત, વાર્ષિક અને એકમ કસોટીના આયોજનથી વિદ્યાર્થીઓના લર્નિંગ આઉટકમમાં સતત સુધારો
- લર્નિંગ આઉટકમ આધારિત 15 કરોડ હોલિસ્ટિક રિપોર્ટ કાર્ડ તૈયાર કરવામાં આવ્યાં
- રાજ્યના તમામ સુપરવાઇઝરી સ્ટાફનું સ્કૂલ મોનીટરીંગ એપ્લિકેશન દ્વારા સતત રિયલ ટાઇમ ઑનલાઇન મોનીટરીંગ જેનાથી સુપરવાઇઝરી સ્ટાફની શાળા મુલાકાતમાં આશરે 20% જેવો વધારો
- ગુણોત્સવ 2.0 ના તમામ ડેટાનું 61 માપદંડો પર એક્રેડિટેશન બાદ એનાલિસિસ કરીને વિકાસ માટેનું આયોજન કરવા માટે શાળાઓને તેમનાં રિપોર્ટ કાર્ડ આપવામાં આવ્યાં







**શિક્ષણને સમર્પિત 20 વર્ષ વધાવીએ, શાળા પ્રવેશોત્સવને ઉત્સાહથી ઉજવીએ**

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગર જિલ્લામાં કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવશોત્સવ કાર્યક્રમનો આદિજાતિ વિકાસ અને આરોગ્ય રાજ્ય મંત્રી નિમિષાબેન સુથારે શુભારંભ કરાવ્યો

લુણાવાડા,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ-૨૦૦૩થી સમગ્ર ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શાળા પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન વધારવાના શરૂ થયેલા અભિયાન એટલે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ૧૭મી શૃંખલામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રેરક માર્ગદર્શન હેઠળ આજથી રાજ્યભરમાં ત્રિદિવસીય પ્રવેશોત્સવ નો પ્રારંભ શરૂ થયો છે. જેના ભાગરૂપે મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના જોટંગીયા, આમલીયાત અને સાતકુંડા પ્રાથમિક શાળાઓમાં આદિજાતિ વિકાસ અને આરોગ્ય રાજ્ય મંત્રીમતિ નિમિષાબેન સુથારે આ કાર્યક્રમને મંગલદીપ પ્રગટાવી શુભારંભ કરાવ્યો હતો. નાના ભુલકાઓને આવકારી કુમકુમ તિલક કરી પ્રવેશ કરાવ્યો હતો. જેમા ધો.૧માં ૨૬ બાળકો તથા આંગણવાડીના ૦૯ ભુલકાઓને મંત્રી અને ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ તેમજ આંગણવાડીમાં પ્રવેશ મેળવનાર ૯ જેટલા ભૂલકાઓને રમકડાંની કીટ આપી ગોળ અને ચોકલેટથી મો મીઠું કરાવીને પાપા પગલી કરતા બાળકોને વિદ્યારંભ કરાવ્યો હતો.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ અને આરોગ્ય રાજ્ય મંત્રી સુથારે જણાવ્યું હતું કે, બાળકોના શિક્ષણનું પ્રથમ પગથિયું આંગણવાડી છે અને પ્રાથમિક શિક્ષણએ વિદ્યાર્થીઓના અભ્યાસક્રમનો પાયો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સરકાર વિદ્યાર્થીઓનું શિક્ષણ સ્તર ઊંચુ લાવવાના સતત પ્રયાસો કરી રહી છે. અને તેમના અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિથી માંડીને વિદેશ જવા સુધીની યોજનાઓ અમલમાં મૂકી છે. જેના પરિણામે વિદ્યાર્થીઓનું ભવિષ્ય સુધરયું છે. કન્યા કેળવણી માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. આજે દરેક ક્ષેત્રમાં મહિલાઓ અવ્વલ નંબરે છે. રાજ્યમાં વર્ષ ૧૯૯૦-૯૧માં ડ્રોપ આઉટ રેશિયો ૬૪.૪૮ ટકા જેટલો ઊંચો હતો. તે ઘટીને આજે વર્ષ ૨૦૨૦-૨૧માં ૩.૭ ટકા જેટલો નીચે લાવવામાં સરકારને કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ તથા સરકારના શિક્ષણના સ્થાયીકરણના કારણે સફળતા પ્રાપ્ત થઇ છે.

વધુમાં મંત્રીએ શિક્ષણ થી ગામનું કોઇ પણ બાળક વંચિત ન રહી જાય તે માટે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અભિયાનમાં ઉપસ્થિતોને આમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

બાદમાં શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું.શાળામાં આયોજિત ભવ્ય કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત જેવી કૃતિઓ રજૂ કરી હતી.

આ પ્રસંગે જોટંગીયા,આમલીયાત ગામના સરપંચ સાવનબેન બારીયા, સાતકુંડા ગામના સરપંચ કોકીલાબેન નાયકા, જોટંગીયા, આમલીયાત શાળા આચાર્ય સુરેશભાઈ પટેલ, પટેલ કિશોરભાઈ, સાતકુંડા શાળા આચાર્ય બારીયા નર્વતભાઈ, લાઈઝન અધિકારી, તાલુકા સભ્યઓ, શિક્ષકો, શાળાના વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં બાળકોના માતા-પિતા હાજર રહ્યા હતા.


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

**લુણાવાડા તાલુકાની મલેકપુર પગાર કેન્દ્ર શાળા ખાતે ધોરણ-૧ના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો. કાર્યક્રમમાં બ્લોક હેલ્થ ઑફિસર સુમિત્રાબેન જે. પંચાલ અને લાયઝન અધિકારી ધર્મેન્દ્રભાઈ ચારણની ઉપસ્થિતમાં યોજવામાં આવ્યો.**


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર તાલુકાના વેણા પ્રાથમિક શાળામાં પ્રવેશ મહોત્સવ યોજાયો. આ કાર્યક્રમમાં સરપંચ જતીનભાઈ પાદરીયા, રમેશભાઈ પટેલ, શિક્ષકો નંદાબેન ખાંટ હાજર રહીને આ કાર્યક્રમ ઉજવાયો હતો અને તમામનું વિદ્યાર્થી દ્વારા સ્વાગત કરવામાં આવેલું હતું.**

## અમદાવાદની ભગવાન જગન્નાથની રથયાત્રામાં હજારો કિલો મગ પ્રસાદનું વિતરણ થશે

અમદાવાદ,

આગામી અષાઢી બીજ એટલે કે ૧ જુલાઈના રોજ ભગવાન જગન્નાથની ૧૪૫મી રથયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. કહેવત છે કે "મગ ચલાવે પગ" રથયાત્રામાં મગના પ્રસાદનું અનેરું મહત્વ છે. દરેક ધાન્યમાં સૌથી શ્રેષ્ઠ ધાન્ય તરીકે મગ છે. રથયાત્રામાં જતા શ્રદ્ધાળુઓ રથ ખેંચતા હોય ત્યારે ચાલવા માટે શક્તિની જરૂર પડે છે જેથી પ્રસાદ રૂપે મગ આપવામાં આવતા હોય છે. રથયાત્રામાં મગના પ્રસાદ માટે લોકો પોતાની શક્તિ મુજબ મગનું દાન કરે છે. જમાલપુર મંદિરમાં રથયાત્રા પહેલા અત્યારથી જ લોકો ૧૦૦ ગ્રામથી લઈને ૧૦ કિલો, ૨૦ કિલો મગનું દાન આપી રહ્યા છે.

જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજીએ જણાવ્યું હતું કે, વર્ષોથી પરંપરા મુજબ મગ, જાંબુ, કેરી અને દાડમનો પ્રસાદનો મહિમા રહેલો છે. જેથી લોકો યથાશક્તિ મુજબ પોતાની શ્રદ્ધાથી હજારો કિલો મગનું દાન કરે છે. સો ગ્રામથી લઈને મગની બોરીઓ મૂકી જાય છે. આ મગને પહેલા સાફ કર્યા બાદ ફણગાવીને રથયાત્રાના દિવસે પ્રસાદ રૂપે આપવામાં આવે છે. રથયાત્રામાં દરેક ટ્રકમાં મગનો પ્રસાદ આપવામાં આવે છે. આરોગ્યની દ્રષ્ટિએ મગને મહત્વની ઔષધિ માનવામાં આવે છે અને કઠોળમાં મગ રાજા ગણાય છે. જેથી મગના પ્રસાદનું અનેરું મહત્ત્વ રહેલું છે.

રથયાત્રામાં હજારો કિલો મગના પ્રસાદ વિતરણ કરવામાં આવે છે. રથયાત્રાના ૧૦ દિવસ પહેલા લોકો મગ મૂકી જતા હોય છે અને બહેનો મગને સાફ કરીને રાખે છે. ગત બે વર્ષ કોરોનાના કારણે રથયાત્રા નીકળી ન હતી, જેના કારણે લોકોને મગના પ્રસાદનો લ્હાવો મળી શક્યો ન હતો. પરંતુ આ વર્ષે લોકો શ્રદ્ધાથી ભગવાનના પ્રસાદ માટે મગનું દાન કરી રહ્યાં છે. આ વર્ષે રથયાત્રામાં લાખો લોકો જોડાશે અને લોકોને મગનું પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવશે. આ વર્ષે ૨૫થી ૩૦ હજાર કિલો મગ, ૪૦૦ કિલો કેરી, ૨૦૦ કિલો જાંબુનો પ્રસાદ વહેંચવામાં આવશે.

## વડોદરાના કમલાનગર તળાવમાંથી ૫.૩૦ લાખની ૨૦૦૦ની નોટો મળી

વડોદરા,

આજવારોડ પાસે આવેલા કમલાનગર તળાવમાંથી રૂા.૫.૩૦ લાખની રોકડ મળી આવતાં શહેર પોલીસ તંત્રમાં હલચલ મચી ગઈ હતી, પોલીસે રોકડ ફેંકનારની તપાસ હાથ ધરી છે. ૧૮મી જૂને જ્યારે કમલાનગર તળાવમાંથી રોકડની નોટો મળી હતી એ દિવસની આસપાસ શહેરના એક તબીબી સંસ્થાનમાં આવકવેરા વિભાગે રેડ કરી હતી એટલે તે સંસ્થાને નોટનું બંડલ રાતના સમયે ફેંકી ગયું હોવાની પોલીસને શંકા છે

બાપોદ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ૧૮મી જૂનના રોજ શહેરના લેપ્રસી મેદાન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો કાર્યક્રમ યોજાયો હતો પણ તે દિવસ પૂર્વે શહેરના આજવા રોડ પર આવેલા કમલાનગર તળાવની સફાઈ કરવા માટે કેટલાક શ્રમિકોને કામે લગાડાયા હતા ત્યારે એક શ્રમિકની નજર એક કોથળીમાં તરી રહેલાં રોકડ નોટોના બંડલ પર પડતાં તેણે સાથી શ્રમિકોને કહ્યું હતું ત્યારે ત્યાં હાજર રેલવે કોન્સ્ટેબલને શ્રમિકે જાણ કરી હતી.

રેલવે કોન્સ્ટેબલે તુરંત જ શહેર પોલીસ કંટ્રોલને જાણ કરી હતી અને શહેર પોલીસે બાપોદ પોલીસને આ બાબતે સંદેશો આપ્યો હતો. જેથી બાપોદ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને નોટોના બંડલ કબજે કર્યા હતા અને પોલીસ મથકે જમા કરાવ્યા હતા.આ બનાવના બીજા દિવસે વડાપ્રધાનનો કાર્યક્રમ હોવાથી પોલીસે વાત દબાવી રાખી હતી. તળાવમાંથી મળેલી નોટોમાં ફૂગ લાગી ગઇ હતી એમ બાપોદ પોલીસે જણાવ્યું હતું. નોટોની હાલત લાગતું હતું કે નોટોનું બંડલ ઘટનાના ચાર દિવસ પૂર્વે ફેંકાઈ હોવાનું અનુમાન છે.

તળાવમાંથી મળેલી નોટોને શોધવા માટે બાપોદ પોલીસના પોસઈ ભીલે તપાસ હાથ ધરી હતી તેઓએ તળાવથી દૂર આવેલા અને તે તરફ આવનારા રસ્તાઓના ૧૫ જેટલા સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા પણ નોટો ફેંકનારની કોઈ ભાળ પોલીસને મળી ન હતી.એસીપી એમ.પી.ભોજાણીએ જણાવ્યું હતું કે પીએમના કાર્યક્રમને લીધે તપાસ થોડીક મંદ હતી પણ હવે તપાસ વેગીલી રીતે કરવામાં આવશે. બાપોદ પોલીસને મળી આવેલી બે હજારની નોટો કુલ ૨૫.૩૦ લાખની હતી, આ નોટોને લઈ જઈ બેંકમાં ખરાઈ કરાઈ હતી. નોટો સાચી હોવાનું બહાર આવતાં નોટોને બાપોદ પોલીસમાં જમા કરાવાઈ હતી. પોલીસે ભીની નોટોને સૂકવી ફરી બંડલમાં ગોઠવવી પડી હતી.

## મહીસાગર જિલ્લામાં ૧૪૦ દિવસ પછી કોરોના પોઝીટીવ કેશ આવતા લોકોમાં ફફડાટ

લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં ૧૪૦ દિવસ પછી કોરોના પોઝીટીવ કેશ આવતા લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. લુણાવાડા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉંદરાના સબ સેન્ટર કોલવણ વિસ્તારના ગરિયા ગામે ૧૯ વર્ષની મેડિકલ સ્ટુડન્ટને પાછલા ત્રણ દિવસથી શરદી-ઉધરસ થતા કોરોના રેપીડ ટેસ્ટ કરાવતા પોઝીટીવ આવતા જિલ્લાની જનરલ હોસ્પિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. હાલ દર્દીની તબિયત નોર્મલ હોવાથી તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો. તો બીજી તરફ વધુ સંક્રમણ ન ફેલાય એ વાતને ધ્યાને લઈ તંત્ર દોડતું થયું હતું.

લુણાવાડાની નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી યુવતીને કોરોના પોઝીટીવ આવતા વધુ સંક્રમણ ન ફેલાઈ એ બાબતને ધ્યાને લઈ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ૮૦ થી પણ વધારે સેમ્પલ લઈ ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. ત્યારે આવનાર દિવસોમાં કોરોના પોઝીટીવની સંખ્યા વધે તેવી સંભાવના દેખાઈ રહી છે, પરંતુ માસ્ક વગર ટોળામાં ફરતી પ્રજાને આ બાબતે કોઈ ચિંતા ન હોય તેવું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે.

## સંતરામપુરની પાદેડી પ્રા.શાળાના તાળા તો ખૂલ્યા પણ બાળકો ભોજન થી વંચિત

સંતરામપુર,

સંતરામપુર તાલુકાન પાદેડી કલાસવા પ્રાથમિક શાળામાં ૧૩૬ બાળકો ભોજન વગર રહ્યા. દાતા સંચાલક અને તંત્રની વચ્ચે બાળકોને બે દિવસથી ભોજન વગર ભૂખ્યા રહેવું પડે છે. પ્રવેશ મહોત્સવ મહત્વ કે પ્રાથમિક ભોજન મહત્વ હજુ સુધી નિર્ણય લેવામાં આવ્યો નહીં. સંતરામપુર તાલુકાના પાદેડી કલાસવા પ્રાથમિક શાળામાં-૧ થી ૮ ધોરણમાં ૧૩૬ બાળકો અભ્યાસ કરી રહેલા છે. મધ્યાન ભોજનની ભરતી અંગે સંચાલકની વિવાદ ઊભો થયો હતો અને તાળાબંધી કરવામાં આવેલી હતી.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

બાળકોને શાળામાં પ્રવેશ તો આપ્યો પરંતુ ભોજન આપવામાં આવતું નથી. પ્રાથમિક શાળામાં નિરીક્ષક મુલાકાત લીધી હતી. શિક્ષણ ખાતા માંથી મામલતદાર કોઈપણ જગ્યાએથી નિર્ણય આવેલું ન હતો. અંતરિયાળ વિસ્તારમાં ગરીબ આદિવાસી બાળકોને શિક્ષણ અને ભોજન તેમના માટે ઘણું મહત્વનું છે, પરંતુ બાળકોને બે દિવસથી ભોજન આપવામાં આવતું નથી. મધ્યાન ભોજનનો રૂમ ખોલવામાં આવતો જ નથી. નવા સંચાલકની પ્રવેશ આપવાનો નહીં તે મુજબ નક્કી કરીને શાળાનું દરવાજો ખોલવામાં આવેલ હતો, પરંતુ બાળકોના ભોજન માટે કોઈ વિકલ્પ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. બાળકો બે દિવસથી ભોજન થી વંચિત રહે છે. ખરેખર બાળકોને પ્રવેશોત્સવ નહિ પણ ભોજન જોઈએ છે. તે ઘણું મહત્વ છે. એ બાબતમાં સરકાર અને શિક્ષણ ખાતા તંત્ર વિચારવું જોઈએ.

## મહીસાગર જિલ્લામાં ગાજ વીજ ભારે પવન સાથે વરસાદ પાડતા વાતવરણમાં ઠંડક પ્રસરી : ખેડૂતો ખુશ



લુણાવાડા,

રાજયમાં હવામાન વિભાગની આગાહીના એક દિવસ પહેલા મહીસાગરમાં મેઘરાજાનું આગમન થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ત્યારે જિલ્લાના કેટલાક વિસ્તારમાં ભારે પવન અને કડાકા સાથે વરસાદ્નું આગમન થતા જિલ્લામાં ઝાડ પડતા વિજ્પોલ ધરાશાય થવાની સાથે વીજળી ડુલ થતા એમ.જી.વી.સી.એલ.ની પ્રી-મોન્સૂન કામગીરી અદ્ધર તાલ જોવા મળી હતી. તો બીજી તરફ ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. મોટાભાગના ખેડુતો સવાર થી જ ખેતરના કામ લાગી ગયાં છે. હવાન વિભાગની આગાહી અને સમયસર અમુક અમુક વિસ્તારોમાં વરસાદ પાડતાં લોકો વરસાદની મજા માણવા નીકળી પડ્યા હતાં. લુણાવાડા તાલુકા તેમજ આજુબાજુમાં ભારે પવન અને વીજળીના કડાકા સાથે મેઘરાજાનું આગમન થતા ભારે બફારામાં રાહત થઈ હતી. વરસાદનું આગમન થતા ગરમીથી લોકોને આંશીક રાહત મળી હતી. જ્યારે અમૂક ગ્રામ્ય વિસ્તરોમાં ખૂબ સારો વરસાદ પડતાં ખેડુતો પણ આંનદમાં આવી ગયા હતા. કેટલાક લોકોએ ગરમી થી રાહત મેળવવા વરસાદમાં નાહવા લાગ્યા હતા. અમુક ગામોમાં ભારે પવન સાથે વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. સમયસર વરસાદની શરૂઆત થતા ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

## દેશમાં કોરોનાના સક્રીય કેસમાં એક જ દિવસમાં નવા ૧૩ હજારથી વધુ કેસ

નવીદિલ્હી,

ભારતમાં કોરોનાના કેસમાં સતત વધારો થયો છે જે ચિંતાજનક બાબત છે. આજે પણ કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોવિડના ૧૩ હજાર (૧૩,૩૧૩) થી વધુ નવા કેસ સામે આવ્યા છે. આ સંખ્યા બુધવાર કરતાં ૮.૭ ટકા વધુ છે. આ ઉપરાંત છેલ્લા ૨૪ કલાકમાં કોવિડને કારણે ૩૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. હાલમાં, ભારતમાં કોવિડના ૮૩ હજારથી વધુ દર્દીઓ (સક્રિય કેસ) છે.

જે પાંચ રાજ્યોમાં કોવિડની સ્થિતિ ચિંતાજનક છે તેમાં કેરળ (૪,૨૨૪), મહારાષ્ટ્ર (૩,૨૬૦), દિલ્હી (૯૨૮), તમિલનાડુ (૭૭૧) અને ઉત્તર પ્રદેશ (૬૭૮)નો સમાવેશ થાય છે. કુલ નવા કેસોમાંથી ૭૪.૦૭ ટકા આ પાંચ રાજ્યોમાંથી આવ્યા છે. કુલ નવા કેસોમાં ફક્ત કેરળનો હિસ્સો ૩૧.૭૩ ટકા છે.

દેશમાં કોવિડમાંથી રિકવરી રેટ ૯૮.૬ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૯૭૨ દર્દીઓએ કોવિડને માત આપી છે. હાલમાં દેશમાં કોવિડના ૮૩,૯૯૦ સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૩૦૩ સક્રિય કેસ વધ્યા છે.કોવિડ રસી વિશે વાત કરીએ તો ગઈકાલે ૧૪ લાખ (૧૪,૯૧,૯૪૧) થી વધુ કોવિડ રસી આપવામાં આવી હતી. દેશમાં અત્યાર સુધીમાં ૧૯૬ કરોડથી વધુ (૧,૯૬,૬૨,૧૧,૯૭૩) કોવિડ રસી લગાવવામાં આવી છે. ગઈકાલે દેશમાં કોવિડના ૩ લાખથી વધુ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

## આપની આજ.......

મેષ : માર્ગદર્શનની શક્તિને કારણે કોઈપણ મુશ્કેલ સમસ્યા પણ હલ થશે. આજે આપણે કોઈપણ શુભ કે ધાર્મિક કાર્યક્રમોની વ્યવસ્થામાં વ્યસ્ત રહેશો. સાંજથી મોડી રાત સુધી તમને તમારા જીવનસાથીનો સહયોગ અને સાથ મળશે.

વૃષભ : આજે તમે બિઝનેસમાં પ્રગતિથી ખૂબ ખુશ રહેશો. વૈવાહિક જીવન પણ આજે આનંદદાયક રહેશે. વિદ્યાર્થીઓ બૌદ્ધિક અને માનસિક ભારથી મુક્તિ મેળવશે. સાંજથી રાત સુધી પત્ની અને બાળકો સાથે ફરવાની શક્યતા છે.

મિથુન : ઉત્તમ માણસોને મળવાના મનમાં આનંદ રહેશે. ઉચ્ચ અધિકારીઓની કૃપાના કારણે કામો થશે. રોજગારની દિશામાં પણ સફળતા મળશે. પિતા અને ઉચ્ચ અધિકારીઓ તરફથી પ્રશંસા પ્રાપ્ત થશે.

કર્ક : આજેના કાર્યના શુભ પરિણામનું આગમન હૃદયસ્પર્શી બનશે. વ્યવસાયમાં કોઈપણ નવી શરૂઆત માટેનો સમય યોગ્ય છે અને ફાયદો થશે. રાત્રે કોઈપણ શુભ કાર્યક્રમમાં ભાગ લેવાની તક મળી શકે છે.

સિંહ : આજે તમારા વિરોધીઓ પરાજિત થશે. તેમજ તમારું પારિવારિક જીવન પણ ખુશ રહેશે. રાજકીય સહયોગ પણ મળશે. આજે સંયમ રાખો. રૂપિયા-પૈસાના વ્યવહારમાં સાવધાની રાખવી. નહીં તો આજે તમે મોટી મુશ્કેલીમાં મુકાઈ શકો છો. મુસાફરીમાં સાવચેત રહો.

કન્યા : આજે તમે જે પણ કામ કરો છો તે સરળતાથી ચાલશે. પરંતુ આજે નિરર્થક કાર્યોમાં સમય ન બગડે તેની કાળજી લો. આજે મિલકત અથવા અન્ય કોઈ કિંમતી ચીજો માટે સોદો કરવા પહેલાં તેના તમામ કાનૂની દસ્તાવેજોનો સંપૂર્ણ અભ્યાસ કરો.

તુલા : આજનો દિવસ ખૂબ વ્યસ્ત અને તાણમુક્ત રહેશે. ત્રીજો શનિ યોગ તમારી રાશિ ચિહ્ન દ્વારા રચાય છે. તો વિવેકબુદ્ધિથી કામ કરો-નજીકના લોકો સાથે વ્યર્થ વિવાદમાં ફસાઈ ન જશો, નુકસાન થઈ શકે છે. સ્વાસ્થ્ય આજે સારું રહેશે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વધુમાં વધુ સમય આપવાની સલાહ આપવામાં આવે છે.

વૃશ્ચિક : આજે તમારી શક્તિમાં વધારો દુશ્મનોનું મનોબળ ઘટાડશે. આજેનો દિવસ હાસ્ય અને આનંદમાં પરિવાર સાથે વિતાવશે. બીજાની મદદ કરવાથી મન પ્રસન્ન રહેશે. તમને સાંજના સમયે કોઈ વિદ્વાનને મળવાની તક મળી શકે છે. આ તમારા માટે ભવિષ્યમાં સારી તકો લાવશે.

ધનુ : આજનો દિવસ મિશ્રિત ફાયદાઓ સાથેનો છે. તેથી કોઈ પણ સંજોગોમાં નિર્ણય લેવામાં ઉતાવળ ન કરો. આજે વ્યવસાયિક બાબતોમાં વ્યક્તિગત તફાવત લાવવાથી નુકસાન થઈ શકે છે. તમારા સંબંધોને આગલા સ્તર પર લઈ જતા પહેલા કાળજીપૂર્વક વિચારો.

મકર : સાંસારિક સુખભોગ, સમ્માનમાં વધારો અને ભાગ્યનો વિકાસ ચાલી રહ્યો છે. નવી શોધોમાં પણ રસ વધશે. જૂના મિત્રોની બેઠક નવી આશાઓને ઉત્તેજીત કરશે, ઘરમાં ઉત્સવનું વાતાવરણ રહેશે. સાંજે આનંદકારક સમાચાર મળશે.

કુંભ : શત્રુઓ અને હરીફ પક્ષોનો પરાજય થશે. નવા પરિચય કાયમી મિત્રતામાં પરિવર્તન આવશે. આજે તમને તમારી સારી કાર્યશૈલી અને નરમ વર્તનથી લાભ મળશે. તમે અન્ય લોકોનો સહયોગ પ્રાપ્ત કરી શકશો.

મીન : આજે તમે કોઈ પ્રિય વ્યક્તિના સ્વાસ્થ્યને લઈને ચિંતિત રહેશો. તમને ઘણાં કામના ભારનો અનુભવ પણ થશે. તમારા જુનિયર પાસેથી કામ કરાવવા માટે તમારે પ્રેમની વર્તન કરવું. ઘરના વાતાવરણને પણ સમજદારીપૂર્વક હળવું રાખો.


### અઘાડી સરકારનું પતન લગભગ નિશ્ચિત

## મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં માત્ર ૧૩ ધારાસભ્યોએ હાજરી આપી

મુંબઈ,

મહારાષ્ટ્રમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ વચ્ચે ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ બળવોનું નેતૃત્વ કરી રહેલા એકનાથ શિંદેએ ૪૦ ધારાસભ્યોના સમર્થનનો દાવો કર્યો છે, પરંતુ પાર્ટીના નેતા સંજય રાઉતે આને પડકાર્યો છે. પાર્ટીના નેતાએ દાવો કર્યો છે કે શિંદે તરફ વળેલા ૪૦ ધારાસભ્યોમાંથી ઓછામાં ઓછા અડધા પાછા આવવા માટે "સંપર્કમાં" છે.અહીં, રાજકીય સંકટ વચ્ચે, ઉદ્ધવ ઠાકરે દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં માત્ર ૧૩ ધારાસભ્યોએ હાજરી આપી હતી, જેનાથી ચિત્ર સાફ થઈ ગયું છે કે અઘાડી સરકારનું પતન લગભગ નિશ્ચિત છે.

દરમિયાન આજે સવારે, શિવસેનાના ત્રણ ધારાસભ્યો - દીપક કેસકર (સાવંતવાડીના ધારાસભ્ય),



મંગેશ કુડાલકર (ચેમ્બુર) અને સદા સરવણકર (દાદર) આસામ પહોંચી ગયા છે કેસકરે કહ્યું, "ગઈકાલે (એકનાથ) શિંદે પાસે શિવસેનાના ૩૭ ધારાસભ્યો હતા. આજે હું શિવસેનાના અન્ય ત્રણ ધારાસભ્યો અને એક અપક્ષ સાથે અહીં પહોંચ્યો હતો. આગામી થોડા કલાકોમાં બેથી ત્રણ આવવાની અપેક્ષા છે."

શું મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીની સરકાર પડી જશે? આ સવાલ એટલા માટે ઉભો થઈ રહ્યો છે કે શિવસેનાની 'ટીમ શિંદે'માં ૩૯ ધારાસભ્યો છે. શિંદેને પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ ગેરલાયક ઠેરવ્યા વિના પક્ષ તોડવા માટે શિવસેનાના ૩૭ ધારાસભ્યોની જરૂર હતી. બુધવારે રાત્રે ત્રણ અપક્ષ અને શિવસેનાના એક ધારાસભ્ય નીતિન દેશમુખ મહારાષ્ટ્ર પરત ફર્યા હતા. આવી સ્થિતિમાં તેમની સાથે માત્ર ૩૧ ધારાસભ્યો જ બચ્યા હતા. જો સૂત્રોનું માનીએ તો, રાત્રે શિવસેનાના ચાર ધારાસભ્યો ઉમેરવામાં આવ્યા હતા, જેની સંખ્યા ૩૫ થઈ ગઈ હતી. તે જ સમયે, ગુરુવારે સવારે દીપક કેસરકર, મંગેશ કુડાલકર, આશિષ જયસ્વાલ અને સદા સરવણકર ટીમ શિંદે સાથે જોડાયા અને આ સંખ્યા ૩૯ પર પહોંચી ગઈ. હવે અઘાડી સરકારનું પતન લગભગ નિશ્ચિત છે.

મહારાષ્ટ્રમાં બદલાયેલા રાજકીય સંકટ વચ્ચે મળી રહેલા અહેવાલો મુજબ એકનાથ શિંદે પાસે હાલમાં કુલ ૪૫ ધારાસભ્યનું સમર્થન છે, જેમાં સાત અપક્ષ ધારાસભ્યનો પણ સમાવેશ થાય છે, મહારાષ્ટ્રમાં આગામી તા ૩ જુલાઈના રોજ નવી સરકાર બની શકે તેવું જાણકારોનું કહેવું છે. મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવીસ અથવા ભાજપના કોઈ અન્ય નવા મુખ્યમંત્રી બની શકે અને એકનાથ શિંદે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લે તેવી વાતો ચાલી રહી છે.

હાલની વર્તમાન સ્થિતિમાં શિવસેનાના ૫૫માંથી ૩૮ ધારાસભ્ય એકનાથ શિંદે સાથે છે જ્યારે ઉદ્ધવ ઠાકરે સાથે હવે ફક્ત ૧૭ ધારાસભ્ય રહ્યા છે, જેના કારણે ગમે તે ઘડીએ ઉદ્ધવ રાજીનામુ આપે તેવી શકયતા છે, જ્યારે એકનાથ શિંદે અને ભાજપ આજે રાજ્યપાલ સામે પોતાની પાસે બહુમતી હોવાનો દાવો કરી સરકાર રચવાના આમંત્રણની માગણી કરે તેવી શકયતા વચ્ચે રાજ્યપાલ હાલ કોરોનામાં સપડાયેલા હોય શુ થાય છે તેની સામે સૌની મીટ મંડાઈ છે.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે બુધવારે રાત્રે દક્ષિણ મુંબઈમાં તેમના સત્તાવાર નિવાસસ્થાનથી ઉપનગરીય બાંદ્રામાં પરિવારના ઘર 'માતોશ્રી'માં ગયા, શિવસેનાના નેતા એકનાથ શિંદેએ બળવો વચ્ચે રાજીનામું આપવાની ઓફર કર્યાના કલાકો પછી. બંગલો છોડતા પહેલા સરકારી કટોકટી અંગે પોતાનું મૌન તોડતા, મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ બુધવારે કહ્યું હતું કે જો બળવાખોર ધારાસભ્યો જાહેર કરે છે કે તેઓ તેમને (ઠાકરેને) મુખ્યમંત્રી તરીકે જોવા નથી માંગતા તો તેઓ પદ છોડવા માટે તૈયાર છે.

બુધવારે ઠાકરેના કોરોના વાયરસથી સંક્રમિત હોવાની પુષ્ટિ થઈ છે. તેમણે ૧૮ મિનિટના લાંબા વેબકાસ્ટમાં બળવાખોર નેતાઓ અને સામાન્ય શિવસૈનિકોને ભાવનાત્મક અપીલ કરી હતી. પોતે બિનઅનુભવી હોવાનો સ્વીકાર કરતાં તેણે કહ્યું હતું કે ગયા વર્ષના અંતમાં કરોડરજ્જુની સર્જરીને કારણે તે ઘણા લોકોને મળી શક્યો નહોતો. તેમણે કહ્યું કે જો શિવસૈનિકોને લાગે છે કે તેઓ (ઠાકરે) પાર્ટીનું નેતૃત્વ કરવા સક્ષમ નથી, તો તેઓ શિવસેનાના પ્રમુખ પદ પણ છોડવા તૈયાર છે.સંજય રાઉતે કહ્યું, "હું કોઈ શિબિર વિશે વાત કરીશ નહીં, હું મારી પાર્ટી વિશે વાત કરીશ. અમારી પાર્ટી આજે પણ મજબૂત છે. શિંદેની ટીમમાં ગયેલા લગભગ ૨૦ ધારાસભ્યો અમારા સંપર્કમાં છે.

# દાહોદના બાવકા ખાતેની પ્રાથમિક શાળાઓમાં કલેક્ટરની ઉપસ્થિતિમાં કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ



દાહોદ જિલ્લાની મુવાલીયા ચોરા પ્રાથમિક શાળા તા.દાહોદ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ૨૦૨૨ ઉજવામાં આવેલ તેમજ શાળા સ્થાપના દિવસની પણ ઉજવણી કરવામાં આવેલ.



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

કન્યા કેળવણી અને શાળા પ્રવેશ ૨૦૧૨ અંતર્ગત ગરબાડા તાલુકાની વિવિધ શાળાઓમાં જિલ્લા તાલુકાના અધિકારી, પદાધિકારી, આગેવાનો, આંગણવાડી વર્કરો, વાલીઓ તેમજ મહા અનુભવોની પ્રેરક ઉપસ્થિતમાં બાળકોને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૨ ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.



જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ ગરબાડા તાલુકાની જેસાવાડા મુખ્ય પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ જિલ્લા પંચાયત દાહોદના સભ્ય અને પૂર્વ ડિરેકટર પ્રવાસન નિગમ ગુ.રા. સુધીરભાઈ લાલપુર વાળાની અધ્યક્ષતામાં યોજાયો હતો.

દાહોદ,

દાહોદની બાવકા ખાતેની ચાંદાવાડા તાલુકા શાળા સહિતની પ્રાથમિક શાળાઓમાં કલેક્ટર ડો હર્ષિત ગોસાવીનાં અધ્યક્ષ સ્થાને કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં કલેકટરએ ધોરણ–૧ માં ૧૯૨ તથા આંગણવાડીમાં ૮૧ બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ કરી તેમનો શાળા પ્રવેશ કરાવ્યો હતો. તેમજ ગત વર્ષે શ્રેષ્ઠ પરિણામ લાવનારા શાળાના વિદ્યાર્થીઓને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યાં હતાં.

આ પ્રસંગે કલેકટરએ જણાવ્યું હતું કે, કોરોનાના સમયનો આપણે સારી રીતે સામનો કર્યો હતો. પરંતુ એ છેલ્લા બે વર્ષમાં શૈક્ષણિક કામગીરી ખોરંભાઇ હતી. હવે શિક્ષકોની જવાબદારી છે આ બે વર્ષના શૈક્ષણિક કર્મને સરભર કરવાનું. શિક્ષકો વિદ્યાર્થીઓને આ બે વર્ષ દરમિયાન તેમનો રહી ગયેલો કોર્ષ સંપન્ન કરાવે તે ઇચ્છનીય છે. વિદ્યાર્થીઓએ આ સમય દરમિયાન રૂબરૂ શિક્ષણ મેળવ્યું નથી. જેની ખોટ હવે પૂરવાનો સમય છે. શિક્ષકો પોતાની જવાબદારી સુપેરે નિભાવે એમ તેમણે ઉમેર્યું હતું.

શાળામાં પ્રથમ ધોરણમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને શુભેચ્છા આપતા તેમણે ઉમેર્યું કે, શિક્ષકોએ વિદ્યાર્થીઓના પાયાના શિક્ષણ ઉપર વધુ મહેનત કરવી પડશે. અને નવા આવેલા વિદ્યાર્થીઓનો શાળાનો ડર પણ દુર કરવાનો રહેશે. બાળકોના પોષણ સ્તરમાં સુધારો કરવા પણ શિક્ષકોએ ખાસ ભાર મુકવાનો રહેશે. તેમજ રમતગમત અને ઈતર પ્રવૃતિઓ કરવા માટે પણ તેમણે જણાવ્યું હતું.

જમ કે ખેલો, જમ કે પઢોનો બાળકોને તેમણે સંદેશો આપ્યો હતો અને શિક્ષકોને જણાવ્યું હતું કે, બાળકોને ભાર વગરનું ભણતર આપવાની જરૂરીયાત છે. શિક્ષણ માટે ખોટો ભાર તેમજ તણાવ બાળકો ઉપર ન લાવવો જોઈએ. બાળકોને શાળા પુસ્તકાલયનો ઉપયોગ, નવી ટેકનોલોજી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષા બાબતે જાગૃકતા પણ લાવવાની જરૂર હોવાનું તેમણે જણાવ્યું હતું.

કલેક્ટર ડો. હર્ષિત ગોસવી એ શાળાના બાળકો સાથે મધ્યાહન ભોજન માણ્યું હતું. આ પ્રસંગે સી.ડી.પી.ઓ ફાલ્ગુની મેહતા, સી.આર.સી તખતસિહ પરમાર, સરપંચ, તાલુકા પંચાયતના સભ્યઓ, શાળાના શિક્ષકો, આંગણવાડી કાર્યકર બહેનો તથા બહોળી સંખ્યામાં બાળકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## આયુષ્યમાન ભારત મા કાર્ડ થકી ઈલાબેન પોતાના નવજાત શિશુની ખર્ચાળ સારવાર નિઃશુલ્ક કરાવી શકયા



દાહોદ,

આયુષ્યમાન ભારત યોજનાના લાભ દરેક ગરીબ લાભાર્થી પરિવાર સુધી પહોંચે એ માટે દાહોદ જિલ્લામાં એક અભિયાન રૂપે કામગીરી થઇ રહી છે. આ અભિયાન અંતર્ગત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર રાબડાલ ખાતે દરેક સગર્ભા માતાને આયુષ્યમાન ભારત કાર્ડ નીકાળી આપવા માટે ખાસ અભિયાન હાથ ધરી મોટી સંખ્યામાં લાભાર્થી નાગરિકોને કાર્ડ વિતરણ કરાયું હતું. આ અભિયાન અંતર્ગત એક લાભાર્થી સગર્ભા મહિલાને આયુષ્યમાન ભારત મા કાર્ડ કાઢી આપવામાં આવ્યું હતું. જેનો તેમને માત્ર બે દિવસ બાદ જ જરૂર પડી ગઇ અને કાર્ડ હોવાથી તેઓ તાત્કાલિક ખાનગી સ્પેશિયિલિસ્ટ ડોક્ટર પાસે સારવાર મેળવી શકયા અને તેમના નવજાત શિશુની આરોગ્ય રક્ષા કરી શકયા. વાત એવી બની કે ઇલાબેન ભુરીયા સગર્ભા અવસ્થાના આખરી દિવસો ચાલી રહ્યાં હતા અને તેમને રાબડાલના હેલ્થએન્ડ વેલનેસ સેન્ટર ખાતે આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યું હતું. તેમના પતિ રાકેશભાઇ મજૂરી કામ કરતા હોય તેમની આર્થિક સ્થિતિ ખાસી નાજુક હતી. ઇલાબેન ભુરીયા પ્રસુતિનાં દુખાવા સાથે ગત તા. ૫ મે નાં રોજ હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર રાબડાલ ખાતે પ્રસુતિ થઈ હતી. તેમજ માતા બાળક સ્વસ્થ હોય રજા મેળવીને ઘરે ગયા હતા. પરંતુ ત્યાર બાદ ત્રીજા દિવસે બાળકને તાવની ફરિયાદ સાથે તેઓ પરત આવ્યા હતા. જયા તપાસ અને નિદાન કરતા બાળકને સ્પેશિયિલિસ્ટ ડોક્ટરની જરૂર જણાઇ હતી. ઈલાબેને આયુષ્યમાન ભારત મા કાર્ડ કઢાવ્યું હોય આ યોજના સાથે જોડાયેલા ખાનગી દવાખાને બાળકને દાખલ કરાયું હતું. જયાં નવજાત શિશુને ૧૬ દિવસ સુધી સારવાર અપાઇ હતી. આ તમામ ખર્ચ સરકાર દ્વારા ઉઠાવી લેવાતા રાકેશભાઇની મોટી રાહત થઇ હતી. કારણ કે આટલી લાંબી અને ખર્ચાણ સારવાર માટે તેમની પાસે પૈસા નહોતા. તેમ છતાં ખાનગી સ્પેશિયિલિસ્ટ ડોક્ટર પાસે તેમના બાળકની સારવાર નિઃશુલ્ક કરાઇ હતી. ઇલાબેન અને રાકેશભાઇએ આફતના સમયે આર્શીવાદ બનનાર આયુષ્યમાન કાર્ડ માટે સરકારનો આભાર માન્યો હતો.

## કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવનો શુભારંભ દિને એક સંવેદનાત્મક કિસ્સો



દાહોદ,

દાહોદ જિલ્લામાં આજથી કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવનો શુભારંભ થયો છે. ત્યારે જિલ્લા વહીવટીતંત્રની સંવેદનશીલતાનો એક કિસ્સો સામે આવ્યો છે. બન્યું એવું કે જિલ્લા શિક્ષણાધિકારી કાજલબેન દવેએ એક બાળકને ઝાલોદની શાળાની બહાર ઉદાસ બેઠોલો જોયો. તેમણે પૃચ્છા કરતા બાળક અહીંની શાળામાં ધોરણ ૧૦ માં પ્રવેશ માટે આવ્યો હતો.

આ બાળકનું નામ હાર્દિક ડામોર તેના પિતા વડોદરાની એક ફેક્ટરીમાં મજૂરી કામ કરી રોજની કમાણી કરતા. તેઓ ખાસ આર્થિક સ્થિતિને કારણે જ વડોદરા રોકાયા હતા. પરંતુ અચાનક હાર્દિકના પિતાની નોકરી છૂટી જતા તેઓ ઝાલોદ ખાતેના વતન પરત ફર્યા હતા.

વતન આવતા જ બીજી અનેક સમસ્યાઓની સાથે હાર્દિકનું ધોરણ ૧૦નું અતિમહત્વનું વર્ષ પણ હતું. જે માટે તેઓ અહીંની શાળામાં પ્રવેશ મેળવવા આવ્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી તુરત જ પરિસ્થિતિ પામી ગયા હતા અને હાર્દિકને તુરત એડમીશન આપવા માટેના આદેશો કરતા ગણતરીના સમયમાં જ હાર્દિકને શાળામાં પ્રવેશ મળી ગયો હતો. હાર્દિક ડામોર આટલી ઝડપથી શાળામાં પ્રવેશ મળી જતા ભાવુક બન્યો હતો અને જિલ્લા શિક્ષણાધિકારીને પોતે પૂરા મન લગાવીને ભણવાની ખાતરી આપી હતી અને ભવિષ્યમાં સારી કારકિર્દી ઘડતર કરી સમાજ માટે કંઇ કરવાની વાત જણાવી હતી.

## ઝાલોદના ફુલપુરા ગામે ચોરા ફળીયામાં પરણીત મહિલાને ભગાડી જવાના ઝગડામાં ત્રણને ઈજાઓ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ફુલપુરા ગામે ચોરા ફળીયામાં પરણીત મહિલા ભગાડી જવાના મામલે થયેલ મારામારીમા એક મહિલા સહીત ત્રણને ગંભીર ઈજાઓ. પરણીત મહિલા ભગાડી જવાના મામલે પુછ્વા જતા ઝાલોદ તાલુકાના ફુલપરા ગામે ચોરા ફળીયામાં થયેલ મારામારીમા એક મહિલા સહિત ત્રણ જણાને ઈજાઓ થયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ફુલપુરા ગામના ચોરા ફળીયામાં રહેતા રામુભાઈ કાળીયાભાઈ ડામોર તેના ફળીયાના સોમલાભાઈ લાલસીંગભાઈ ડામોરના ભાઈની વહુને ભગાડી લઈ જવા બાબતે લાલસીંગભાઈ ભુરકાભાઈ ડામોર તેમજ તેમની પત્ની તેજલીબેન લાલસીંગભાઈ પુછપરછ કરવા ગયા હતા. કાળીયાભાઈ સડીયાભાઈ ડામોરે લાલસીંગભાઈને કહેલ કે, તમારી વહુનું તમો જાણો, અહીંયા શુ પુછ્વા આવ્યા છો તેમ કહી બેફામ બિભત્સ ગાળો બોલી લાલસીંગભાઈને જમણા હાથે લાકડી મારી હાથ ભાંગી નાખી ગંભીર ઈજા પહોંચાડી હતી. તેમજ હીમાભાઈ ઉર્ફે હીમ્મતભાઈ કાળીયાભાઈ ડામોરે લાલસીંગભાઈને ડાબા પગે લાકડી મારી પગ ભાંગી નાખ્યો હતો. જેથી લાલસીંગભાઈએ બુમાબુમ કરી મુક્તા લાલસીંગભાઈની બુમાબુમ સાંભળી વીરસીંગભાઈ તથા વકલીબેન ઉર્ફે લીલાબેન દોડી આવ્યા હતા અને બચાવવા વચ્ચે પડતા વીરસીંગભાઈને ડાબા હાથ પર લાકડી મારી તેમજ વકલીબેનને ડાબા હાથ પર લાકડી મારી ઈજાઓ પહોંચાડી હતી.

આ સંબંધે ફુલપુરા ગામના ચોરા ફળીયામાં રહેતા સોમલાભાઈ લાલસીંગભાઈ ડામોરે તેના જ ગામના કાળીયા સડીયા ડામોર, હિમા ઉર્ફે હિમ્મત કાળીયા ડામોર તથા ભોપત ઉર્ફે સમેશ બચુ ડામોર વિરૂધ્ધ ચાકલીયા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કાયદેસરની એક પત્ની હયાત હોવા છતાં બીજી પત્ની લાવી પતિ તથા સાસરીયા દ્વારા અપાતા ત્રાસથી કંટારેલ પરણીતાની પોલીસમાં રાવ

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામે બીજી પત્ની લાવવા માટે પત્નીને પતિ તથા સાસરીયા દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપી કાયદેસરની એક પત્ની હયાત હોવા છતા બીજી પત્ની લાવી ઘરમાં બેસાડી દીધાની ઘટના પોલીસ ચોપડે નોંધાયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર મોટી બાંડીબારના સગુમ ફળીયામાં રહેતા મહેશભાઈ મોહનભાઈ ભુરીયાને બીજી પત્ની લાવવાની હોઈ તે માટે તેની પત્ની ૩૦ વર્ષીય લક્ષ્મીબેન મહેશભાઈ બારીયાને મુકેશભાઈ ચતુરભાઈ બારીયા તથ । કાળીબેન મુકેશભાઈ બારીયાની ચઢામણીથી અવાર નવાર ગાળો બોલી ઝઘડો તકરાર કરી મારઝુડ કરી શારિરીક અને માનસીક ત્રાસ આપી પોતાની કાયદેસરની પત્ની લક્ષ્મીબેન હયાત હોવા છતા લીમખેડા તાલુકાના મોટીવાવ ગામની રાધાબેન કમલેશભાઈ તડવી નામની યુવતીને બીજી પત્ની તરીકે લાવી ઘરમાં બેસાડી દીધી હતી.

આ સંબંધે પતિ તથા સાસરીયાના ત્રાસથી વાજ આવેલ લક્ષ્મીબેન મહેશભાઈ બારીયાએ પોતાના પતિ મહેશભાઈ મોહનભાઈ બારીયા, મુકેશભાઈ ચતુરભાઈ બારીયા, કાળીબેન મુકેશભાઈ બારીયા તથા મોટીવાવ ગામની રાધાબેન કમલેશભાઈ તડવી વિરૂધ્ધ લીમખેડા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

પટેલ અર્જૂનસિંહ હાથીભાઇ

તરફથી અભીનંદન....

મુ. મોરડુંગરા,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

પરમાર કાળુભાઇ ગોવિંદભાઇ

તરફથી અભીનંદન....

મુ. વડેલાવ,
તા. ગોધરા,
જી. પંચમહાલ

## ગોધરા ચિખોદ્રાની નોંધ-૨ મંદિરની જમીનોમાં રાજ્ય સરકારના નિયમો અનુસાર જીલ્લા કલેક્ટર દ્વારા તપાસ કરી સુમોમોટા હુકમ કરશે ?

ગોધરા,

ગોધરા તાલુકાના ચિખોદ્રાની નોંધ નં.૨ ખુબ જ મોટા પ્રમાણની રામજી મંદિર ૧૨૦૦ એકરની જમીનો ટ્રસ્ટની ગામ ચિખોદ્રામાં આવેલી છે. પરંતુ તે જમીનો ઉપર કર્મચારીઓ–અધિકારીઓ સાથે સાંઠગાંઠ ધરાવતા ઈસમોને મોટા પ્રમાણમાં પધરાવી દેવામાં આવેલ છે અને સબજયુડીશીયન ના બાંધ હોવા છતાં તમામની તમામ જમીનો ચેરીટી કમિશ્નરના આદેશો વિરૂદ્ધ અને સત્તા બહારના વહીવટી પંચમહાલ જીલ્લા કલેકટરના તમામ મહેસુલી કર્મચારીઓ તથા અધિકારીઓએ સત્તા બહારના અધિકારો વાપરી અને મોટા પ્રમાણમાં અનેક ગુજરાત ગામ ગોધરા પંચમહાલ જીલ્લાના રાજ્ય સેવકો લાંચરૂશ્વત લઈ મોટા પ્રમાણમાં ખુબ જ સોનાની લગડી જેવી રામજી મંદિરના ટ્રસ્ટીઓના જાણ બહાર તથા ચેરીટી કમિશ્નરના હુકમો વગર અસામાજીક તત્વોને એક પછી એક ફેરફાર કરી ખોટા દસ્તાવેજો કરી કરાવી ભુમાફિયાઓને પધરાવી દેવામાં આવેલ છે. પરંતુ આ બાબતે અરજદાર દ્વારા માહિતી અધિકાર હેઠળ પી.બી.કુંભાણી મામલતદાર તત્કાલી પાસે માંગેલ માહિતીના મુદ્દા ૧ થી ૯ માંગેલ હોવા છતાં ફકત નોંધ નં.૨ ની નકલ આપવામાં આવેલ છે. પછીની માહિતી આજદિન સુધી પુરી પાડેલ નથી. આમ, આ બાબતે ગોધરા પ્રાંત પ્રથમ અપીલ અધિકારી નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી એન.બી.રાજપૂત ગોધરા સમક્ષ અપીલ કરેલ છે. જે અંગે ફરી પછીથી ગોધરા જાહેર માહિતી પી.બી. કુંભાણી દ્વારા નોંધ નં.૨ ની ફર પછી મોકલી આપેલ છે. પરંતુ બીજા આઠ મુદ્દાઓની માહિતી અધિકારી તથા પ્રથમ અધિકારી એન.બી.રાજપૂત દ્વારા અમોને કોઈ પણ કાયદા પ્રમાણ મુદ્દતો આપેલ નથી. કારણ કે, આ જમીનો ખુબ જ મોટા પ્રમાણની હોય તથા અને પંચમહાલ જીલ્લા મહેસુલી વર્ગ ૧–૨–૩ સાથે લાગભાગ ધરાવતા ઈસમો પાસેથી મોટી રકમ લઈ આ માહિતી અધિકારી પી.બી.કુંભાણી તથા પ્રથમ અપીલ અધિકારી એન.બી.રાજપૂત ગોધરા યોગ્ય દાન તથા રામજી મંદિરની મિલ્કતોમાં પુરી માહિતી આપવાનો હુકમ કરેલ નથી અને કાયદાકીય રીતે જાહેર માહિતી ગોધરા મામલતદાર પી.બી.કુંભાણી તત્કાલ સામે પ્રથમ અપીલ અધિકારી એન.બી.રાજપૂત દ્વારા પુરેપુરી માહિતી આપવાનો હુકમ થયેલ નથી. આમ, આ પ્રમાણની તમામ માહિતી ધર્માદા મિલ્કતો છે. અને તેની તમામ જવાબદારીઓ તમામ ભારતના નાગરિકો કોઈપણ મંદિર–મસ્જીદ, સ્મશાન અનેક પ્રકારની માહિતી આપવાનો હકક છે. પરંતુ તા.૧૯/૧૧/૨૦૧૯ના અનું.માં અધિકાર પરત્વે માહિતી અધિકારી તથા પ્રથમ અપીલ અધિકારી એન.બી.રાજપૂત દ્વારા આજદિન સુધી પુરી પાડેલ નથી. આમ, આ જમીનો બચાવવાની માહિતી અધિકારી પી.બી.કુંભાણી તથા પ્રથમ અપીલ અધિકારી એન.બી.રાજપૂતની ફરજમાં આવી મિલ્કતો બચાવવા જવાબદારીઓ માલિક સોંપેલ છે અને કાયદા પ્રમાણે પણ બંધારણ હેઠળ જોગવાઈઓ કરેલ છે. પરંતુ આ બન્ને અધિકારીઓએ મોટા પ્રમાણની લાંચ રૂશ્વત લઈ રામજી મંદિરની માહિતી ૧ થી ૯ મુદ્દા બાબતે ગેરરીતિઓ આચરેલ છે. જેથી રાજેન્દ્ર ત્રિવેદી મહેસુલ અને કાયદા મંત્રી ગુજરાત સરકારની સુચનાઓ આપેલ કે કોઈપણ ધાર્મિક મિલ્કતો બચાવવાની જવાબદારીઓ જીલ્લા કલેકટર ગુજરાત સરકારના તમામ અધિકારીઓને સખત સુચના સાથે આવી મિલ્કતો પરત કરાવાની જવાબદારીઓ સોંપવામાં આવેલ છે. તેમ છતાં આ માહિતી ૧ થી ૯ મુદ્દાની આ બન્ને અધિકારીઓ દ્વારા પુરી પાડવામાં આવેલ નથી.

ગોધરા તાલુકાના ચિખોદ્રા ગામે ૧૨૦૦ એકર થી વધારે રામજી મંદિર ટ્રસ્ટની જમીનો આવેલી છે. આ જમીનો ગણોતધારામાં ગેરકાયદેસર અને જયુડીશીયલ કોર્ટનું બાંધ છે. આ જમીનો આપવાના ચેરીટી કમિશ્નરના હુકમો જરૂરી કાયદા પ્રમાણે આપવાની જોગવાઈ ટ્રસ્ટ એકટની છે. તેમ છતાં જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના તમામ કર્મચારીઓ–અધિકારીઓએ રાજ્ય સરકાર ચેરીટી કમિશ્નરના હુકમો જોયા વગર એકબીજાના અનેક પ્રકારના ફેરફાર કરાવી લાંબી લાંબી રૂશ્વતો લઈ કાયદા વિરૂદ્ધ કૃત્ય તથા અપ્રમાણ કરેલ જે જે બાબતે કાયદા તથા મહેસુલ મંત્રી આ બાબત ખુબ જ મોટા પ્રમાણની રામજી મંદિર ટ્રસ્ટની જમીનો હોય જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા સમક્ષ રાજ્ય સરકાર રાજેન્દ્ર ત્રિવેદી મહેસુલ વિભાગ ગાંધીનગર ટીમ નિમશે તેવી આશાઓ સાથે રામજી મંદિરના વહીવટદાર રાહ જોઈ રહ્યા છે. આમ, જાહેર માહિતી પી.બી.કુંભાણી તથા પ્રથમ અપીલ અધિકારી એન.બી. રાજપૂત સામે ચેરીટી કમિશ્નરોના હુકમ કયા મામલતદારો દ્વારા હુકમો વિગેરે વિગેરે ૧ થી ૯ ના મુદ્દાની માહિતી માંગેલ છે. જે બન્ને અધિકારીઓ દ્વારા આજદિન સુધી આપવામાં આવેલ નથી. આમ, આ બન્ને અધિકારીઓને રાજ્ય સરકાર દ્વારા મોબાઈલ જુલાઈ બિલોની તથા અન્ય સુવિધાઓ પાડવા સેવા કરવા બેસાડેલા છે. પરંતુ સેવા આપવાના બદલે મેવા ખાવાવાળી સેવાઓ આપી રહ્યા છે. જે કાયદા તથા મહેસુલી પરિપત્રો ઠરાવો તથા રાજેન્દ્ર ત્રિવેદી કાયદા અને મહેસુલ મંત્રી પરંતુ સેવા આપવાના બદલે મેવા ખાવાવાળી સેવાઓ આપી રહ્યા છે. જે કાયદા તથા મહેસુલી પરિપત્રો ઠરાવો તથા રાજેન્દ્ર ત્રિવેદી કાયદા અને મહેસુલ મંત્રી આદેશો વિરૂદ્ધ કાર્યવાહીઓ જોવા પંચમહાલ જીલ્લામાં જોવા મળે છે. જેથી આ બાબતે યોગ્ય અને ન્યાયિક કાયદા પ્રમાણેની ગેરરીતિઓની તપાસ થાય તેવી રાજેન્દ્ર ત્રિવેદી ગુજરાત સરકાર થી અમો હિન્દુઓ આશા રાખીએ છીએ. જેથી આ રામજી મંદિરની નોંધ ખુબજ મોટા પ્રમાણ ૧૨૦૦–૦૦ વધુ એકરની જમીનોમાં તત્કાલીક ૧. ખોટા રજીસ્ટર દસ્તાવેજો, ૨. ખોટા ઈ–ધરા મારફતે ફેરફારો, ૩. ખોટા સુધારા હુકમો, ૪. ખોટા અવલોકનોના હુકમો, ૫. ખોટા એન.એ.ના હુકમો, ૬. ખોટી બાંધકામની પરમીશનો, ૭. ખોટી વારસાઈઓ તથા ૮. અન્ય પ્રકારની કોઈ નોંધ નં.૨ ની ૧૨૦૦–૦૦ એકરવાળી જમીનોમાં ના થાય અને માન. રાજેન્દ્ર ત્રિવેદી મહેસુલ અને કાયદા મંત્રી ગુજરાત સરકારનો અનાદાર અપમાન ના થાય અને આપેલ જીલ્લા કલેકટર ગુજરાત સરકાર અનુંસંધાનમાં પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરા તરફ યોગ્ય કાર્યવાહી તત્કાલીક પંચમહાલ જીલ્લા કલેકટર સુજલ મયાત્રા અને તેમના સંબંધિત કર્મચારી–અધિકારીઓ બાબતે યોગ્ય કાયદા તથા મહેસુલી કાર્યવાહી કરવા આ દૈનિક દ્વારા અત્રેના પંચમહાલ જીલ્લા કર્મચારીઓ, અધિકારીઓને જાણ થવા તથા નોંધ નં.૨ પર સુમોમોટા કરી રાજ્ય ગુજરાત સરકાર તરફ મોકલી આપવા અને કરેલ કાર્યવાહી દૈનિક તથા રામજી મંદિર વહીવટદારો તથા અમો માંગેલ માહિતી અરજદારને નકલ આપવા વિનંતી અને યોગ્ય કાયદા તથા કાનુની કાર્યવાહી થાય તેવી આશાઓ વ્યકત કરેલ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.256

પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૫૬ • કુલ પાના : ૪ • તારીખ : ૨૪-૦૬-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

# વરસાદ સાથે વિજળી ગુલ થઈ : શાળાની છત અને દિવાલો ધરાશાહી

શહેરા,

શહેરામાં બુધવારની રાત્રીએ ભારે પવન સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થઇ જવા સાથે રહેણાંક મકાનોના છતના પતરા ઉડી ગયા હતા. જ્યારે ૧૦૦૦ લીટરની પીવીસી પ્લાસ્ટીકની પાણીની ટાંકી ૨૦ ફૂટ ઊંચાઈ ધરાવતા વીજ થાંભલા પર લટાકાઈ ગયેલી જોવા મળવા સાથે અનેક દુકાન ઉપર લગાવેલા ફ્લેક્ષ બેનરો પણ ઉડી ગયા હતી. જ્યારે ભારે પવન સાથે આવેલા વરસાદના કારણે વીજળી ગુલ થઈ જતાં નાગરીકોને રાત્રે અને દિવસે અંધારામાં રહેવાનો વાળો આવ્યો હતો.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા નગરમાં બુધવારની રાત્રીએ ભારે પવન સાથે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં મોટું નુકશાન થવા પામ્યું છે. પવન સાથે આવેલા વરસાદના કારણે નગરના મુખ્ય બજાર થી નાડા તરફ જવાના માર્ગ ઉપર મહાલક્ષ્મી મંદિર પાસે વર્ષો જુનું વૃક્ષ ધરાશાયી થઈ જતાં વાહનોની અવર-જવર બંધ થઈ ગઈ હતી. પોલીસ સ્ટેશનની સામે આવેલ હરીજનવાસ, મસ્તાન ચાલી સહિત નગરના અમુક વિસ્તારમાં આવેલ રહેણાંક મકાનોના છત ઉપર લગાવેલા પતરા ઉડી જતા ઘર માલિકો ભારે ચિંતિત થઈ ઉઠયા હતા. જ્યારે નગરના અણીયાદ ચોકડી વિસ્તારમાં ૨૦ ફૂટ ઊંચાઇ ધરાવતા વીજ થાંભલા પર ૧૦૦૦ લીટર પ્લાસ્ટિકની પાણીની ટાંકી લટકતી જોવા મળવા સાથે ડામર માર્ગ ઉપર લીમડાનું વૃક્ષ ધરાશાયી થતા હાથલારીઓ નીચે દબાઇ ગઇ હતી.

નગરના તળાવ ઉપર, હરીજન વાસ, મામલતદાર કચેરી પાસે તેમજ અન્ય વિસ્તારમાં કુલ ૧૬ જેટલા વીજ થાંભલા તૂટી જવા સાથે બે વીજ ડિપીને નુકશાન થતા વીજળી ગુલ થઇ ગઇ હતી. પવન સાથે આવેલા વરસાદના કારણે લાઈટો બંધ થઈ જતા રાત્રિના સમયથી લઈને દિવસે પણ લોકોને અંધારામાં રહેવા સાથે ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. ચોમાસાની ઋતુનો અહેસાસ લોકોને થવા સાથે કહી ખુશી કહી ગમનો માહોલ પણ જોવા મળી રહ્યો હતો. ભારે પવન સાથે આવેલા વરસાદના કારણે અનેક લોકોના ઘરને નુકશાન થવા પામ્યું હોય તેમ છતાં સંબંધિત તંત્ર દ્વારા આ બાબતે જે ગંભીરતાથી લેવામાં આવી જોઈએ તે નહીં લેવામાં આવતા નગરજનો નારાજ થયા હતા. સામાન્ય વર્ગના પરીવારજનોએ સંબંધિત તંત્ર દ્વારા જે ઘરોને નુકશાન થયું હોય તેનુ સર્વે કરીને સહાય આપે તેવી માંગ કરી છે.

## શહેરા હોળી ચકલા વિસ્તારમાં કન્યાશાળાની છત-પતરા અને દિવાલ ધરાશાહી થતાં વિદ્યાર્થીઓની અન્ય શાળામાં વ્યવસ્થા કરાઈ

શહેરા,

શહેરા તાલુકામાં બુધવારની રાત્રે ભારે પવન સાથે આવેલા વરસાદના કારણે ૧૧૧ વર્ષ કરતા વધુ જૂની કન્યા અને કુમાર શાળાના ઓરડાઓને નુકશાન પહોંચ્યુ હતું. આ બે શાળાના વર્ગખંડોના છતના પતરા તેમજ દીવાલ ધરાશાયી થઇ જતાં ૯૦૦ જેટલા વિદ્યાર્થીઓ ગુરૂવાર ના રોજ શિક્ષણ થી વંચિત રહ્યા હતા.

શહેરામાં બુધવારની રાત્રીએ ભારે પવન સાથે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. પૂર ઝડપે પવન ફૂંકાતા નગરના હોળી ચકલા વિસ્તારમાં આવેલ કન્યા શાળા તેમજ નગીના મસ્જિદ પાસે આવેલ કુમાર શાળાના ઓરડાના છત ઉપર ના પતરા ઉડી જવા સાથે દીવાલોને પણ નુકશાન થવા પામ્યુ હતુ. કન્યા અને કુમાર શાળામાં ધોરણ ૧ થી ૮માં ૯૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ જે ઓરડાઓમાં બેસીને શિક્ષણ મેળવી રહ્યા હતા. તેજ વર્ગખંડોને નુકશાન થતા આ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે



ક્યા બેસાડવા તે એક વિકટ પ્રશ્ન શિક્ષણ વિભાગ માટે બની ગયો હતો. જ્યારે અચાનક આવેલા વાવાઝોડાના કારણે આ બે શાળામાં અભ્યાસ કરતા ૯૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓ ગુરૂવારના રોજ શિક્ષણથી વંચિત રહ્યા હતા. કુમાર શાળા ૧૬૧ વર્ષ અને કન્યા શાળા ૧૧૫ વર્ષ જૂની હોવાથી શિક્ષણ વિભાગ દ્વારા આ બે શાળાના તમામ વર્ગખંડો વર્ષ ૨૦૧૪ રદ કરી દેવાયા બાદ શાળાનું નવું મકાન નહી બનતા અહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભયના ઓથાર હેઠળ શિક્ષણ મેળવી રહયા હોવાથી વાલીઓ અને શાળા સમિતિ દ્વારા આઠ વર્ષ દરમિયાન જિલ્લાની પ્રાથમિક શિક્ષણ કચેરી અને કલેકટરથી લઈને ગાંધીનગર સુધી લેખિત અને મૌખિક રજૂઆતો અનેક વખત કરવા સાથે સ્થાનિક ધારાસભ્યને પણ રજૂઆત કરવામાં આવી હતી. કન્યા અને કુમાર શાળાનું નવીન મકાન વહેલી તકે બને તે માટે શિક્ષણ વિભાગ હવે કેટલી ગંભીરતા લેશે તે તો આવનાર સમયમાં ખબર પડી જશે તેમ છે.

## ઘોઘંબા ધનેશ્વર તળાવ માંથી ગેરકાયદેસર માટી ખનન કરતાં ખનન માફિયાઓ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ધનેશ્વર તળાવમાં કેટલાક ખનન માફિયાઓ રાત્રીના સમયે જેસીબી મશીન અને ટ્રેકટરો ગોઠવીને ગેરકાયદેસર રીતે માટી ખનન કરવામાં આવતું હોય પંચાયતના સરપંચ દ્વારા અનેકવાર રજુઆતો કરવા છતાં કાર્યવાહી કરવામાં નહિ આવતાં ગ્રામજનોમાં તંત્રની રહેમનજર ચર્ચાનો વિષય બન્યો છે.

ઘોઘંબા તાલુકાના ધનેશ્વર તળાવ માંથી કેટલાક ખનન માફિયાઓ દ્વારા કેટલાક ખનન માફિયાઓ દ્વારા રાત્રીના ૧૨ વાગ્યાથી સવારના ૪ વાગ્યા સુધીમાં જેસીબી મશીન અને ટ્રેકટરો મુકીને ગેરકાયદેસર રીતે માટીનું ખનન કરવામાં આવી રહ્યું છે. રાત્રીના સમયે માટીનું ખનન કરવા ખનિજ ચોર માફિયાઓ માથાભારે હોવાને કારણે રાત્રીના સમયે કોઈ વ્યકિત વિરોધ કરવાની હિંમત કરતું નથી. એક સામાજીક કાર્યકર દ્વારા માટી ચોરીના વિરોધ કરતાં તળાવ માં દાટી દેવાની ધમકી આપવામાં આવી હતી. ગામના સરપંચ અને યુવાનો દ્વારા તળાવ માંથી રાત્રીના સમયે માટી ચોરીની જાણ મામલતદાર કચેરી, પોલીસ મથકે તેમજ ખાણ ખનિજ વિભાગને કરવામાં આવી છતાં તે જોતાં જાણે ખાણ ખનિજ વિભાગ દ્વારા ખનન માફિયાઓને છુટોદોર અને મૂક સંમતિ આપવામાં આવી હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. હવે જોવાનું રહે કે, ધનેશ્વર તળાવ માંથી માટી ખનન કરવા ખનન માફિયાઓ સામે વહીવટી તંત્ર કાર્યવાહી કરે છે કેમ?


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

## પંચમહાલ જિલ્લામાં ૧૭ માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો શુભારંભ

ગોધરા,

સમગ્ર રાજ્યમાં આજરોજ શરૂ થયેલ ૧૭માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૨નો રાજ્યવ્યાપી શુભારંભ થયો છે. જે અન્વયે પંચમહાલ જિલ્લામાં વિવિધ અધિકારીઓ/પદાધિકારીઓ અને મહાનુભાવો હસ્તે આજ રોજ અલગ અલગ શાળાઓ પર નાના ભૂલકાઓનું નામાંકન અને વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં આજ રોજ પ્રથમ દિવસે ૪૭૨ શાળાઓમાં ૬૮૧૦ બાળકોનું હર્ષભેર સ્વાગત કરીને નામાંકન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શિક્ષણવિદો દ્વારા વિદ્યાર્થીઓને પાયારૂપી માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ સાથે જિલ્લાની કુલ ૨૦૦૦ આંગણવાડીમાં કુલ ૫૧૫૪ ભૂકાઓનું નામ નોંધીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. જિલ્લામાં વિવિધ દાતાઓ થકી ૧૫ લાખ ૫૫ હજાર ૯૮૩ રૂપિયાનું રોકડ તથા દાનનું માતબર અનુદાન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે જિલ્લા કલેકટર સુજલ મયાત્રાએ ગોધરા તાલુકાની ચંચોપા પ્રાથમિક શાળામાં બાળકોનું નામાંકન કરાવ્યું હતું તથા બાળકોને બેગ, નોટબુક અને ચોકલેટ આપીને આવકાર્યા હતા. આ સાથે શાળામાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગોધરા તાલુકાની અછાલા પ્રાથમિક શાળા ખાતે પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીની ઉપસ્થિતિમાં કુલ ૪૭ બાળકોએ ધોરણ ૧ માં પ્રવેશ મેળવ્યો હતો. આ સાથે શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે નવીન ભૂલકાઓને આવકાર્યા હતા તથા જણાવ્યું હતું કે ભણતર સિવાય વ્યક્તિનો ઉદ્ધાર નથી તથા આપણે સૌ કોઈએ સહિયારા પ્રયાસો થકી દરેક વિદ્યાર્થીને શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થાય તેવા પ્રયાસો કરવા જોઈએ. આ સાથે આંગણવાડીનાં બાળકોને ચિત્રપોથી અને કલર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.


કન્યાકેળવણી અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત બાહી મુકામે બાહી કન્યાશાળા અને બાહી કુમારશાળા ખાતે શહેરા પ્રાંત અધિકારી રાહુલ ચૌધરીના વરદહસ્તે નાના ભૂલકાંઓને નવીન પ્રવેશ આપવામાં આવ્યો.


હાલોલ તાલુકાની કેશરપુરા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ. હાલોલ શિવરાજપુર ફોરેસ્ટ વિભાગના અધિકારી આર.એફ.ઓ. એસ.એસ. બારીયાના અધ્યક્ષતામાં ઉજવણી કરવામાં આવી.


તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલમાં આવેલી ઉર્દુ પ્રાથમિક શાળામાં આજરોજ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશઉત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી.


કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૨ ની ઉજવણીના ભાગરૂપે જાંબુઘોડા તાલુકામાં શાળા પ્રવેશોત્સવ નિમિત્તે શાળામાં નવા બાળકોએ એડમિશન લેતા નાના ભૂલકા ઓનો શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો.

## પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે વંદે ગુજરાત અને સખી મેળાનું આયોજન કરવામાં આવ્યું

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં લાલબાગ ટેકરી ગોધરા ખાતે વંદે ગુજરાત અંતર્ગત સરકારની ૨૦ વર્ષની વિકાસયાત્રાની ઝાંખી તથા સખી મેળાનું આયોજન આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારની અધ્યક્ષતામાં રીબીન કાપીને પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી તથા મંત્રી નિમિષાબેન સુથારના હસ્તક ત્રણ સખીમંડળની મહિલાઓને રૂપિયા ૩૭ લાખ ૫૦ હજારના સહાયના ચેક એનાયત કરવામાં આવ્યા હતા.

વંદે ગુજરાત ૨૦ વર્ષનો સાથ ૨૦ વર્ષનો વિશ્વાસ અંતર્ગત ગુજરાત સરકારની ૨૦ વર્ષની વિકાસયાત્રાનું પ્રદર્શન કરવામાં આવ્યુ છે. આત્મનિર્ભર ભારતની પહેલને આગળ ધપાવવા ચાર જિલ્લાની સખી મંડળની બહેનો દ્વારા વિવિધ સ્વદેશી વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવા ડોમનંપ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ ૫૦ સ્ટોલ બનાવવામાં આવ્યા છે. આ સમગ્ર આયોજન તારીખ ૨૨ થી તારીખ ૨૮ સુધી સવારે ૯ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધી ચાલશે.



સ્ત્રીશકિતનને સશકત બનાવવા તથા ગ્રામ્ય વિસ્તારની ગરીબ મહિલાઓને આર્થિક તથા સામાજીકરીતે પગભર કરવા માટે સામાજીક ગતિશિલતા અને આત્મનિર્ભર બનાવવા સખી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. સરકારની પહેલથી મહિલાઓની સામૂહિક શકિતને વિકાસાવી મહિલાઓને આર્થિક તથા સામાજીક રીતે સક્ષમ બનાવવાનો છે.આ કાર્યક્રમ હેઠળ વિવિધ વિસ્તારોમાં સ્વસહાયજૂથો બનાવી મહિલાઓની ઉન્નતિ થાય તે માટે તેઓને બેન્ક સાથે જોડાણ કરી અને તાલીમ થકી આર્થિક પ્રવૃતિઓ કરતા થાય અને સમાજમાં સ્વમાનભેર જીવન ગુજારી શકે તેવુ આયોજન હાથ ધરાયું હતું. આ પ્રસંગે મંત્રી નિમિષાબેન સુથારે પોતાના ઉદ્‌બોધનમાં આત્મનિર્ભર મહિલાઓને અભિનંદન પાઠવ્યા હતા તથા જણાવ્યું હતુંકે, તાત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પહેલથી આજે છેવાડાના ગામડાઓ આત્મનિર્ભર બન્યા છે. તેમણે બહેનોને નમન કરતા કહ્યું કે, ગુજરાતની ધરતી અને સાહસવૃતિને પરીણામે આજે વિવિધ વિકાસના કાર્યોથી આગવી ઓળખ ઉભી કરી છે. સરકારએ સગર્ભા માતાઓ માટે માતૃવંદના અને માતૃશકિત જેવી યોજનાઓ લાવીને બહેનોનો ઉદ્ધાર કર્યો છે. આજે ગુજરાત સુરક્ષીત બન્યું છે. તેમણે સરકારની ઉપલબ્ધીઓ વિશે વાત કરતા જણાવ્યું કે આજે મહિલાઓને માન મળ્યુ છે. નલ સે જલ યોજના અંતર્ગત પોતાના ઘરે જ પાણીની વ્યવસ્થા થઈ છે. ઉજ્જ્વલા યોજના અંતર્ગત બહેનોને ધુમાડામુક્ત જીવન મળ્યું છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી યોજના અંતર્ગત વાર્ષિક ૬૦૦૦ રૂપિયાની સહાય મળી છે. આ પ્રસંગે તેમણે ફાચર ગામનું ઉદાહરણ આપતા કહ્યું હતું કે, આ ગામમા જતા પહેલા પાણીમાથી નિકળવું પડતું હતું. જ્યારે આજે પુલ અને રસ્તાઓનુ નિર્માણ થયું છે. આજે વિશ્વની સૌથી મોટી આરોગ્યલક્ષી યોજના આયુષ્યમાન ભારત થકી કરોડો દેશવાસીઓને મફત સારવાર મળી રહી છે. આજે સર્વાંગીં ગ્રામ્ય વિકાસ થકી દેશનો વિકાસ થયો છે. આજના આ પ્રસંગે ગોધરા તાલુકાના અંબાલી ગામની અંબાલી ગ્રામ સખી સંઘને ૧૫ લાખ, મોરવાહડફ તાલુકાના વેજમા ગામની વેજમા સખી સંઘને ૧૫ લાખ તથા ઘોઘંબા તાલુકાના દેવલીકુવા ગામની દેવલીકુવા ગ્રામ સખી સંઘને ૭.૫૦ લાખના સહાય ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આજના આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ કુ.કામિનીબેન સોલંકી, જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા તથા તાલુકાના વિવિધ હોદ્દેદારો અને પદાધીકારીઓ સહિત મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી.